| GJVD050014492019 | सत्यमेव जयते | પ્રાપ્તિ તારીખ | ૦૪/૦૬/૨૦૧૯ | | |
|---|---|---|---|---|---|
| | | દાખલ તારીખ | ૦૪/૦૬/૨૦૧૯ | | |
| | | ફેંસલ તારીખ | ૧૭/૦૬/૨૦૨૬ | | |
| | | સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | | | | | |

---

**મહે. એડી. ચીફ જ્યુ. મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુ. સાવલી**

---

***ગુના મુકદમા નં.૭૯૦/૨૦૧૯***

***આંક–***

***ફરિયાદીઃ–*** ***શ્રી સરકાર***

***// વિરૂધ્ધ //***

***આરોપી:–*** **ભુરસીંગ પ્રતાપભાઈ મુનીયા**

રહે. લુજાના મુવાડા, પોસ્ટ માંડલી, તા. સંજેલી, જી. દાહોદ

**ભારતીય દંડ સંહિતાની કલમઃ– ૨૭૯,૩૦૪(અ),૩૩૭,૩૩૮ તથા**

**એમ.વી.એકટની કલમ–૧૭૭,૧૩૪,૧૮૪ મુજબ...**

| | |
|---|---|
| **ફરિયાદી તરફે એ.પી.પી. શ્રી** | પી. એમ. રાઠોડ |
| **આરોપી તરફે વિ.વ. શ્રી** | ડી. જે. રાઠોડ |

**જજમેન્ટ**

(૧) ફરીયાદપક્ષની ટુંકમાં વિગત હકીકત એવી છે કે, આ કામના આરોપીએ તા.૦૫/૦૧/૨૦૧૯ ના કલાક ૧૪–૩૦ વાગ્યે મોજે સાવલી–વડોદરા રોડ ઉપર લામડાપુરા ચોકડી પાસે પોતાના કબજાનું ડમ્ફર નં.જીજે.૦૬.એકસ.એકસ. ૯૪૯૬ નુ પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી ફરીયાદીના ભાઇ રમેશભાઇ જેસંગભાઇ રોહીતની ડીસ્કવર મો.સાં. નં.જીજે.૦૬.ઇએમ. ૫૮૯૨ ની દોરીને જતો હતો તે વખતે પાછળથી એકસીડન્ટ કરી રમેશભાઇના ડાબા પગે તથા માથાના ભાગે ગંભીર ઇજાઓ પહોંચાડી સારવાર દરમ્યાન મોત નિપજાવી સ્થળ પરથી નાસી જઇ ભારતીય દંડ સંહિતાની કલમ–**૨૭૯,૩૦૪(એ),૩૩૭,૩૩૮ તથા એમ.વી.એકટની કલમ–૧૭૭,૧૮૪,૧૩૪** મુજબનો ગુનો કર્યો હોવાની હાલની ફરીયાદ ફરીયાદીએ લખાવેલ જે ફરીયાદ ભાદરવા પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૨/૨૦૧૮ થી નોંધી તપાસ કરનાર અમલદારે આરોપીઓ વિરુધ્ધ તપાસ કરી તપાસના અંતે અત્રેથી અદાલતમાં ચાર્જશીટ દાખલ કરેલ છે.

(૨) આ કામના આરોપીને અત્રેની કોર્ટ ધ્વારા સમન્સ ઇશ્યું કરવામાં આવેલ, આરોપી અદાલત સમક્ષ હાજર થતા તેઓને ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ ૨૦૭ મુજબ પોલીસ પેપર્સની તમામ નકલો વિનામુલ્યે પુરી પાડવામાં આવેલ છે અને ગુન્હા અંગે સમજ ગુનાની પ્લી આંક–૦૭ થી રેકર્ડ કરવામાં આવતાં આરોપીએ તેમની

સામેના ગુનાનો ઈન્કાર કરેલ ત્યારબાદ સદર કેસ ફરીયાદપક્ષના પુરાવા પર મુલત્વી રાખવામાં આવેલ છે.

(૩) ત્યારબાદ આ કામે ફરીયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં નીચે મુજબનો મૌખિક પુરાવો રજુ કરેલો છે.

**– : મૌખીક પુરાવો :–**

| નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરિયાદી હસમુખભાઇ જેસીંગભાઇ ગોહીલની જુબાની | ૦૯ |
| ૨ | સાહેદ નગીનભાઇ હસમુખભાઇ રોહીતની જુબાની | ૧૨ |
| ૩ | સાહેદ ભઇલાલભાઇ દાજીભાઇ રોહીતની જુબાની | ૧૩ |
| ૪ | સાહેદ અલ્પેશભાઇ પ્યારેસાહેબ રણાની જુબાની | ૧૬ |
| ૫ | સાહેદ અબ્બાસભાઇ છત્રસીંહ રાઠોડની જુબાની | ૧૮ |
| ૬ | પંચસાહેદ વિમેશ ભીમસીંગ ચારેલની જુબાની | ૧૯ |
| ૭ | પંચસાહેદ પુંજાભાઇ અભેસીંહ હરોશીની જુબાની | ૨૦ |
| ૮ | પંચસાહેદ ગીરીશભાઇ ભાવસીંગ રાવતની જુબાની | ૨૧ |
| ૯ | સાહેદ રાજુભાઇ રહીમભાઇ મલેકની જુબાની | ૨૬ |
| ૧૦ | સાહેદ રમેશભાઇ લક્ષ્મણભાઇ રોહીતની જુબાની | ૨૮ |
| ૧૧ | સાહેદ જગદીશભાઇ જેસંગભાઇ રોહીતની જુબાની | ૩૫ |
| ૧૨ | ફરિયાદી હસમુખભાઇ જેસંગભાઇ રોહીતની જુબાની | ૪૭ |

**–: દસ્તાવેજી પુરાવા :–**

| નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરિયાદ | ૧૦ |
| ૨ | મરણોત્તર પંચનામું | ૧૯ |

| | | |
|---|---|---|
| ૩ | ફરિયાદ | ૪૮ |

ત્યારબાદ ફરીયાદપક્ષે આંક–૪૯ થી કલોઝીંગ પુરસીસ રજુ કરતાં ફરીયાદપક્ષનો પુરાવો પુર્ણ કરવામાં આવેલ છે.

ત્યારબાદ ફરિયાદ પક્ષે રજુ થયેલ પુરાવા જોતા આરોપીનુ ક્રિ.પ્રો. કોડની કલમ–૩૧૩ અન્વયે વિશેષ નિવેદન લેવું જરૂરી જણાતું હોય આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે જેમાં તેઓએ જણાવેલ છે કે, તેઓ તદ્દન નિર્દોષ છે.

(૩.૧) ત્યારબાદ વિ. એ.પી.પી.શ્રી તથા બચાવપક્ષ વિ.વકીલશ્રીની દલીલો સાંભળવામાં આવી.

(૪) ફરીયાદીની ફરીયાદ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**મુદ્દાઓ**

૧. શું ફરીયાદપક્ષ એ હકીકત નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ તા.૦૫/૦૧/૨૦૧૯ ના કલાક ૧૪–૩૦ વાગ્યે મોજે સાવલી–વડોદરા રોડ ઉપર લામડાપુરા ચોકડી પાસે પોતાના કબજાનું ડમ્ફર નં.જીજે.૦૬.એકસ.એકસ. ૯૪૯૬ નુ પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી ફરીયાદીના ભાઇ રમેશભાઇ જેસંગભાઇ રોહીતની ડીસ્કવર મો.સાં. નં.જીજે.૦૬.ઇએમ. ૫૮૯૨ ની દોરીને જતો હતો તે વખતે પાછળથી એકસીડન્ટ કરી રમેશભાઇના ડાબા

પગે તથા માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચાડી સારવાર દરમ્યાન મોત નિપજાવી સ્થળ પરથી નાસી જઈ ભારતીય દંડ સંહિતાની કલમ–**૨૭૯,૩૦૪(એ),૩૩૭,૩૩૮ તથા એમ.વી.એકટની કલમ–૧૭૭,૧૮૪,૧૩૪** મુજબનો ગુનો કરેલ છે?

૨. શું હુકમ?

**(૫)** ઉપરોકત મુદ્દાઓ પરત્વેના અત્રેની અદાલતના નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારમાં

(૨) આખરી હુકમ મુજબ.

**<u>–કારણો–(પુરાવાનું મુલ્યાંકન)</u>**

**(૬)** ફરીયાદપક્ષ તરફે ફરિયાદી હસમુખભાઇ જેસીંગભાઇ ગોહીલનાઓને આંક–૦૯ થી તપાસેલા છે. જેમાં તેઓ તેઓની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ ૫–વર્ષ પહેલા લામડાપુરા બસ સ્ટેન્ડ પાસે બપોરના ટાઈમે બનેલો. અકસ્માત સમયે તેઓ તેઓના ઘરે હતા. તેઓને મોબાઈલ ફોન આવેલો અને જણાવેલ કે રમેશભાઈ મોટર સાયકલ બગડેલ હોઇ તે દોરીને જતો હતો ત્યારે લામડાપુરા ચોકડી પાસે ડમ્પરથી અકસ્માત થયેલ છે. તેથી તેઓ અકસ્માત વાળી જગ્યાએ ગયેલો અને ત્યા જઈને જોયુ કે તેઓના ભાઈની મોટર સાયકલ ડીસ્કવર જેનો નં. જીજે–૬–ઈએમ–૫૮૯૨ એક્સીડેન્ટ હાલતમાં

પડેલ હતી અને ત્યા ૧૦૮ એમ્બ્યુલેન્સમાં તેઓના ભાઈ રમેશભાઈ રોહીતને ચડાવતા હતા. તેઓનો ભાઈ બેભાન હાલતમા હતો, તેને ડાબા પગે તથા માથાના ભાગે ગંભીર ઈજાઓ અને ફેક્ચર જોવામાં આવેલ. તેઓના ભાઈને વડોદરા એસ.એસ.જી. દવાખાને લઈ ગયેલા અને તેઓ પણ સાથે ગયેલા. ઇમરજન્સી વોર્ડમાં તેઓના ભાઈની સારવાર ચાલુ હતી તે દરમ્યાન ફરજ પરના ડોક્ટરશ્રીએ તેને મરણ જાહેર કરેલો. આ બનાવની ફરીયાદ તેઓએ આપેલી. આંક– ૧૦ થી જે ફરીયાદ તેઓને બતાવવામાં આવે છે જેમા તેઓની સહી જે તેઓ ઓળખી બતાવે છે. આરોપીને જોયેથી ઓળખી શકે નહી.

ત્યારબાદ સાહેદ ફરિયાદની હકીકતને લેશમાત્ર સમર્થન આપેલ ના હોય વિ. એ.પી.પી. શ્રીની મૌખિક વિનંતી થી સદર સાહેદને ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૫૪ મુજબ ફરી ગયેલા જાહેર કરી ફરિયાદ પક્ષે વિ.એ.પી.પી. શ્રી એ સદર સાહેદની ઉલટતપાસ કરવા છતાં કોઈ મહત્વની ફળદાયી હકીકત નીકળી આવેલ નથી.

બચાવપક્ષ તરફે સદર સાહેદની ઉલટતપાસ કરવામાં આવેલ છે જેમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવ સમયે તેઓ ઘરે હતા. બનાવ તેઓએ નજરો નજર જોયેલ નહી. તેઓના ભાઈને દવાખાને લઈ ગયા ત્યાં સુધી બેભાન હાલતમાં હતા.

(૭) ફરીયાદપક્ષ તરફે સાહેદ નગીનભાઈ હસમુખભાઈ રોહીતનાઓને આંક– ૧૨ થી તપાસેલા છે. જેમાં તેઓ તેઓની જુબાનીમાં જણાવેલ છે કે,

બનાવ આસરે સાલ–૨૦૧૭માં બનેલો. તે સમયે તેઓ મંજુસર જી.આઈ.ડી.સી. ખાતે તેઓની જોબ પર હતા ત્યારે તેઓના ઘરેથી તેઓના ઉપર ફોન આવેલ અને તેઓને જણાવેલ કે તેઓના કાકા રમેશભાઈનો એકસીડેન્ટ થયેલ છે. ત્યાથી તેઓ અકસ્માત વાળા સ્થળે લામડાપુરા ખાતે ગયેલ. તે સમયે ૧૦૮ દ્વારા તેઓના કાકા રમેશભાઈને બરોડા ખાતે હોસ્પીટલમા લઈ જતા હતા. તેઓને જાણવા મળેલ કે તેઓના કાકા તેમની મોટર સાયકલ બગડી ગયેલ હતી તે દોરીને લઈ જતા હતા ત્યારે આ એક્સીડેન્ટ થયેલ. પાછળથી તેઓને જાણવા મળેલ કે કોઈ ડંપરવાળાએ અકસ્માત કરેલ છે. તેઓને અકસમાત કરનાર વાહનનો નંબર હાલમાં યાદ નથી. ત્યારબાદ તેઓ તેઓના કાકા રમેશભાઈને એસ.એસ.જી. હોસ્પી લઈ ગયા હતા ત્યા ગયેલ અને ત્યા હોસ્પીટલવાળાએ મરણ જાહેર કરેલા. આ બાબતે તેઓના પિતા હસમુખભાઈએ ફરીયાદ આપેલ અને આ અંગે પોલીસે તેઓની પુછપરછ કરેલ.

બચાવપક્ષ તરફે સદર સાહેદની ઉલટતપાસ કરવામાં આવેલ છે જેમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવ સમયે તેઓ તેઓની નોકરી ફરજ ઉપર હાજર હતા. બનાવ બની ગયા બાદ બનાવની જાણ ફોનથી થયેલી. બનાવ અંગે તેઓને જાતમાહીતી નથી.

(૮) ફરીયાદપક્ષ તરફે સાહેદ ભઈલાલભાઇ દાજીભાઇ રોહીતનાઓને આંક–૧૩ થી તપાસેલા છે. જેમાં તેઓ તેઓની જુબાનીમાં જણાવેલ

છે કે, બનાવ આસરે ૩–૪ વર્ષ પહેલા બનેલો. તે સમયે તેઓ તેઓના ઘરે ગોરવા હતા ત્યારે તેઓના ઉપર તેઓના ભાણેજ હસમુખભાઈનો ફોન આવેલ અને તેઓને જણાવેલ કે તેઓનો બીજો ભાણેજ રમેશભાઈનો એક્સીડેન્ટ થયેલ છે. ત્યારબાદ તેઓ બરોડા ખાતે એસ.એસ.જી હોસ્પીટલમા ગયેલ અને તેઓના ભાણેજને આ હોસ્પીટલમા લાવેલ અને ત્યાં જઈને જોતા ડોકટરશ્રીએ તેમને મરણ જાહેર કરેલા. ત્યા તેઓને જાણવા મળેલ કે '' મારા ભાણેજ તેઓ તેમના મિત્રની મોટર સાયકલ દોરીને લઈ જતા હતા ત્યારે એક્સીડેન્ટ થયેલ.'' અકસ્માત કોઈ ડંપરવાળાએ કરેલ. આ અકસ્માત લામડાપુરાના રોડ ઉપર થયેલ. તેઓને અકસમાત કરનાર વાહનનો નંબર હાલમાં યાદ નથી. આ બાબતે તેઓના ભાણેજ હસમુખભાઈએ ફરીયાદ આપેલ અને આ અંગે પોલીસે તેઓની પુછપરછ કરેલ.

બચાવપક્ષ તરફે સદર સાહેદની ઉલટતપાસ કરવામાં આવેલ છે જેમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવ સમયે તેઓ તેઓના ઘરે હાજર હતા. બનાવ બની ગયા બાદ બનાવની જાણ ફોનથી થયેલી. બનાવ અંગે તેઓને જાતમાહીતી નથી.

(૯) ફરીયાદપક્ષ તરફે સાહેદ વિનુભાઈ સોમાભાઈ રોહીતનાઓને આંક–૧૩ થી તપાસેલા છે. જેમાં તેઓ તેઓની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ તારીખ ૦૫/૦૧/૨૦૧૮ના રોજ બનેલો તે સમયે તેઓ મંજુસર હતા ત્યારે હસમુખભાઈનો તેઓ ઉપર ફોન આવેલ અને તેઓને કહેલ કે રમેશભાઈનુ લામડાપુરા ખાતે ત્રણ રસ્તાએ તેઓનો

એક્સીડેન્ટ થયેલ છે, ત્યારબાદ તેઓ બનાવ સ્થળે ગયેલ ત્યારે રમેશભાઈને એસ.એસ.જી. હોસ્પીટલ, વડોદરા ખાતે લઈ ગયેલ. તેઓએ ત્યા જોયેલ કે એક બાઇક સાથે એક ડમ્પરે એક્સીડેન્ટ કરેલ. બનાવમાં આ બાઇક ચપ્પટ થઈ ગયેલી. બનાવ સ્થળે એક્સીડેન્ટ કરના ડમ્પર ઉભુ હતો તેનો નંબર તેઓએ જોયેલો, જેનો નંબર જીજે-૦૬-એક્સએક્સ-૯૪૯૬ હતો. તે સમયે ડમ્પરનો ચાલક ત્યાં હતો નહી. ત્યારબાદ તેઓ એસએસજી હોસ્પીટલ વડોદરા ખાતે ગયેલ, ત્યા પહોચેલ ત્યારે ડોક્ટરે રમેશભાઈને મરણ જાહેર કરી તેમનુ પી.એમ.કરી બોડી તેઓને સોપી દેતા તેઓ ટુંડાવ લાવેલા. તેઓને એવુ જાણવા મળેલ કે મોટર સાયકલ બગડેલ હોવાથી રમેશભાઈ દોરીને લઈ જતા હતા અને ડમ્પરે તેમની સાથે એક્સીડેન્ટ કરેલ. આ સંદર્ભે પોલીસે તેઓની પુછપરછ કરેલી.

બચાવપક્ષ તરફે સદર સાહેદની ઉલટતપાસ કરવામાં આવેલ છે જેમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવ ત્યાં બની ગયા પછી બનાવની જાણ તેઓને ફોન દ્વારા થયેલી. બનાવ તેઓએ નજરો નજર જોયેલો નહી.

(૧૦) ફરીયાદપક્ષ તરફે સાહેદ અલ્પેશભાઈ પ્યારેસાહેબ રણાનાઓને આંક-૧૬ થી તપાસેલા છે. જેમાં તેઓ તેઓની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ સમયે તેઓ બહાર હતા. લામડાપુરા ત્રણ રસ્તાએ ચા ની દુકાન આવેલી છે. તેઓ જયારે તેઓની દુકાન ઉપર આવ્યા ત્યારે પોલીસે તેઓને બોલાવી તેઓનું નામ-સરનામું પુછેલુ. આ સીવાય

બનાવ વિશે તેઓ કાંઇ જાણતા નથી કે બનાવ બાબતે તેઓએ પોલીસને કાંઇ લખાવેલ નહી.

ત્યારબાદ સાહેદ ફરિયાદની હકીકતને લેશમાત્ર સમર્થન આપેલ ના હોય વિ. એ.પી.પી. શ્રીની મૌખિક વિનંતી થી સદર સાહેદને ભારતીય પુરાવા અધિનિયમની કલમ-૧૫૪ મુજબ ફરી ગયેલા જાહેર કરી ફરિયાદ પક્ષે વિ.એ.પી.પી. શ્રી એ સદર સાહેદની ઉલટતપાસ કરવા છતાં કોઇ મહત્વની ફળદાયી હકીકત નીકળી આવેલ નથી.

બચાવપક્ષ તરફે સદર સાહેદની ઉલટતપાસ કરવામાં આવેલ છે જેમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવ સમયે તેઓ ઘરે હતા. બનાવ તેઓએ નજરો નજર જોયેલો નથી.

(૧૧) ફરીયાદપક્ષ તરફે સાહેદ અબ્બાસભાઇ છત્રસીંહ રાઠોડનાઓને આંક-૧૮ થી તપાસેલા છે. જેમાં તેઓ તેઓની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ સમયે તેઓ ઘરે હતા. લામડાપુરા ત્રણ રસ્તાએ ચા ની દુકાન આવેલી છે. તેઓ જ્યારે તેઓની લારી ઉપર આવ્યા ત્યારે પોલીસે તેઓને બોલાવી તેઓનું નામ-સરનામું પુછેલુ. આ સીવાય બનાવ વિશે તેઓ કાંઇ જાણતા નથી કે બનાવ બાબતે તેઓએ પોલીસને કાંઇ લખાવેલ નહી.

ત્યારબાદ સાહેદ ફરિયાદની હકીકતને લેશમાત્ર સમર્થન આપેલ ના હોય વિ. એ.પી.પી. શ્રીની મૌખિક વિનંતી થી સદર સાહેદને ભારતીય પુરાવા અધિનિયમની કલમ-૧૫૪ મુજબ ફરી

ગયેલા જાહેર કરી ફરિયાદ પક્ષે વિ.એ.પી.પી. શ્રી એ સદર સાહેદની ઉલટતપાસ કરવા છતાં કોઇ મહત્વની ફળદાયી હકીકત નીકળી આવેલ નથી.

બચાવપક્ષ તરફે સદર સાહેદની ઉલટતપાસ કરવામાં આવેલ છે જેમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવ સમયે તેઓ ઘરે હતા. બનાવ તેઓએ નજરો નજર જોયેલો નથી.

**(૧૨)** ફરીયાદપક્ષ તરફે પંચસાહેદ વિમેશ ભીમસીંગ ચારેલનાઓને આંક–૧૯ થી તપાસેલા છે. જેમાં તેઓ તેઓની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ પોલીસ સ્ટેશનેથી પસાર થતા હતા ત્યારે પોલીસે તૈયાર કાગળ ઉપર સહી લીધેલી. તેઓને શરીર સ્થીતીનું પંચનામું બતાવવામાં આવે છે તેમા પંચ નં.ર તરીકે તેઓની સહી છે જેને તેઓ ઓળખે છે. આરોપીને જોયે તેઓ ઓળખતા નથી.

ત્યારબાદ સાહેદ પંચનામાની હકીકતને લેશમાત્ર સમર્થન આપેલ ના હોય વિ. એ.પી.પી. શ્રીની મૌખિક વિનંતી થી સદર સાહેદને ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૫૪ મુજબ ફરી ગયેલા જાહેર કરી ફરિયાદ પક્ષે વિ.એ.પી.પી. શ્રી એ સદર સાહેદની ઉલટતપાસ કરવા છતાં કોઇ મહત્વની ફળદાયી હકીકત નીકળી આવેલ નથી.

બચાવપક્ષ તરફે સદર સાહેદની ઉલટતપાસ કરવામાં આવેલ છે જેમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, પોલીસે તેઓની સહી કરાવી ત્યારે પોલીસ તથા તઓના સીવાય કોઇ ન હતુ.

(૧૩) ફરીયાદપક્ષ તરફે પંચસાહેદ પુંજાભાઇ અભેસીંહ હરોશીનાઓને આંક–૨૦ થી તપાસેલા છે. જેમાં તેઓ તેઓની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ ટુંડાવ મુકામે પોલીસ જમાદારએ ત્યારે કાગળ ઉપર સહી લીધેલી. તેમાં શું લખેલ તે તેઓને ખબર નથી. તે સીવાય તેઓ જાણતા નથી. તેઓને ગુન્હાવાળી જગ્યાનું પંચનામું બતાવવામાં આવે છે તેમાં પંચ નં.૧ તરીકે સહી તેઓ ઓળખી બતાવે છે.

ત્યારબાદ સાહેદ પંચનામાની હકીકતને લેશમાત્ર સમર્થન આપેલ ના હોય વિ. એ.પી.પી. શ્રીની મૌખિક વિનંતી થી સદર સાહેદને ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૫૪ મુજબ ફરી ગયેલા જાહેર કરી ફરિયાદ પક્ષે વિ.એ.પી.પી. શ્રી એ સદર સાહેદની ઉલટતપાસ કરવા છતાં કોઇ મહત્વની ફળદાયી હકીકત નીકળી આવેલ નથી.

બચાવપક્ષ તરફે સદર સાહેદની ઉલટતપાસ કરવામાં આવેલ છે જેમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, પોલીસે તેઓની સહી કરાવી ત્યારે પોલીસ તથા તઓના સીવાય કોઇ ન હતુ.

(૧૪) ફરીયાદપક્ષ તરફે પંચસાહેદ ગીરીશભાઇ ભાવસીંગ રાવતનાઓને આંક–૨૧ થી તપાસેલા છે. જેમાં તેઓ તેઓની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ પોલીસ સ્ટેશનેથી પસાર થતા હતા ત્યારે પોલીસે તૈયાર કાગળ ઉપર સહી લીધેલી. તેમાં શું લખેલ તે તેઓને ખબર નથી. તે સીવાય તેઓ જાણતા નથી. તેઓને શરીર સ્થીતીનું પંચનામું

બતાવવામાં આવે છે તેમાં પંચ નં.૧ તરીકે સહી તેઓ ઓળખી બતાવે છે. આરોપીને જોયે તેઓ ઓળખતા નથી.

ત્યારબાદ સાહેદ પંચનામાની હકીકતને લેશમાત્ર સમર્થન આપેલ ના હોય વિ. એ.પી.પી. શ્રીની મૌખિક વિનંતી થી સદર સાહેદને ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૫૪ મુજબ ફરી ગયેલા જાહેર કરી ફરિયાદ પક્ષે વિ.એ.પી.પી. શ્રી એ સદર સાહેદની ઉલટતપાસ કરવા છતાં કોઇ મહત્વની ફળદાયી હકીકત નીકળી આવેલ નથી.

બચાવપક્ષ તરફે સદર સાહેદની ઉલટતપાસ કરવામાં આવેલ છે જેમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, પોલીસે તેઓની સહી કરાવી ત્યારે પોલીસ તથા તેઓના સીવાય કોઇ ન હતુ.

(૧૫) ફરીયાદપક્ષ તરફે સાહેદ અલ્પેશ પ્યારેસાહેબ રણાનાઓને આંક–૨૪ થી તપાસેલા છે. જેમાં તેઓ તેઓની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ કેટલા વર્ષ પહેલા બનેલો તેની તેઓને ખબર નથી. પરંતુ તેઓ લાંબડાપુરા ખાતે ચાની લારી ચલાવે છે જેથી પોલીસે તેઓને બોલાવી તેઓનું નામ સરનામું પુછેલું તે સિવાય બીજું કાંઇ પુછેલું નહી.

ત્યારબાદ સાહેદ ફરિયાદની હકીકતને લેશમાત્ર સમર્થન આપેલ ના હોય વિ. એ.પી.પી. શ્રીની મૌખિક વિનંતી થી સદર સાહેદને ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૫૪ મુજબ ફરી ગયેલા જાહેર કરી ફરિયાદ પક્ષે વિ.એ.પી.પી. શ્રી એ સદર સાહેદની

ઉલટતપાસ કરવા છતાં કોઈ મહત્વની ફળદાયી હકીકત નીકળી આવેલ નથી.

બચાવપક્ષ તરફે સદર સાહેદની ઉલટતપાસ કરવામાં આવેલ છે જેમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવ વિશે તેઓને કોઇ જાતમાહીતી નથી.

(૧૬) ફરીયાદપક્ષ તરફે સાહેદ રાજુભાઈ રહીમભાઈ મલેકનાઓને આંક–૨૬ થી તપાસેલા છે. જેમાં તેઓ તેઓની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ સમયે તેઓ ઘરે હતા. લામડાપુરા ત્રણ રસ્તાએ ગૅરેજ આવેલું છે. તેઓ જયારે તેઓના ગૅરેજ ઉપર આવ્યા ત્યારે પોલીસે તેઓને બોલાવી તેઓનું નામ સરનામું પુછેલું. આ સિવાય બનાવ વિશે તેઓ કાંઈ જાણતા નથી કે બનાવ બાબતે તેઓએ પોલીસને કાંઈ લખાવેલ નહી. આરોપીને જોયે તેઓ ઓળખતા નથી.

ત્યારબાદ સાહેદ ફરિયાદની હકીકતને લેશમાત્ર સમર્થન આપેલ ના હોય વિ. એ.પી.પી. શ્રીની મૌખિક વિનંતી થી સદર સાહેદને ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૫૪ મુજબ ફરી ગયેલા જાહેર કરી ફરિયાદ પક્ષે વિ.એ.પી.પી. શ્રી એ સદર સાહેદની ઉલટતપાસ કરવા છતાં કોઈ મહત્વની ફળદાયી હકીકત નીકળી આવેલ નથી.

બચાવપક્ષ તરફે સદર સાહેદની ઉલટતપાસ કરવામાં આવેલ છે જેમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવ સમયે તેઓ ઘરે હતા. બનાવ તેઓએ નજરે જોયેલો નથી.

(૧૭) ફરીયાદપક્ષ તરફે સાહેદ રમેશભાઇ લક્ષ્મણભાઇ રોહીતનાઓને આંક– ૨૮ થી તપાસેલા છે. જેમાં તેઓ તેઓની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ આશરે પાંચ વર્ષ પહેલા બનેલો તે દિવસે તેઓ તેઓના ગામ ટુંડાવથી તેઓની મો.સા. લઈને મંજુસર જી આઈ ડી સી ખાતે જતા હતા ત્યારે લામડાપુરા બસસ્ટેન્ડ પાસે અકસ્માત થયેલો જોયેલો. તેઓના ફળીયામાં રહેતા રમેશભાઈ રોહીતનાઓનો અકસ્માત થયેલો જોયેલો તેઓને જાણવા મળેલ કે કોઈ ટ્રકથી અકસ્માત થયેલ છે. તેઓએ ટ્રકને જોયેલ નહી. તઓન ટ્રકનો નંબર ખબર નથી. અકસ્માત કરનાર ચાલકને તેઓઅ જોયેલા નહી. ત્યારબાદ ૧૦૮ને બોલાવી સારવાર માટે લઈ ગયેલા તેઓ પણ સાથે ગયેલો સારવાર દરમિયાન રમેશભાઈનાઓ મરણ પામેલા ત્યારબાદ તેમની લાશ તઓને સોપતા તેઓ તેઓના ગામે લઈને આવેલા અને તેમની અંતીંમ ક્રીયા કરેલી. તેઓ જવાબ લીધેલો.

ત્યારબાદ સાહેદ ફરિયાદની હકીકતને લેશમાત્ર સમર્થન આપેલ ના હોય વિ. એ.પી.પી. શ્રીની મૌખિક વિનંતી થી સદર સાહેદને ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૫૪ મુજબ ફરી ગયેલા જાહેર કરી ફરિયાદ પક્ષે વિ.એ.પી.પી. શ્રી એ સદર સાહેદની ઉલટતપાસ કરવા છતાં કોઈ મહત્વની ફળદાયી હકીકત નીકળી આવેલ નથી.

બચાવપક્ષ તરફે સદર સાહેદની ઉલટતપાસ કરવામાં આવેલ છે જેમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવ તેઓએ નજરે જોયેલો નથી.

(૧૮) ફરીયાદપક્ષ તરફે સાહેદ જગદીશભાઇ જેસંગભાઇ રોહીતનાઓને આંક–૩૫ થી તપાસેલા છે. જેમાં તેઓ તેઓની જુબાનીમાં જણાવેલ છે કે, આશરે સાત થી સાડા સાત વર્ષ પહેલા તેઓના ભાઈ રમેશભાઈ જેસંગભાઈ નુ લામડાપુરા ખાતે એકસીડન્ટ થયેલ તે સમયે તેઓ ખેતરમા હતા અને તેઓને જાણ થતા તેઓ લામડાપુરા ખાતે પહોચી ગયેલા જયાથી ૧૦૮ દવારા તેઓના ભાઈને એસ એસ જી હોસ્પીટલ લઈ ગયેલા અને ત્યાના ડોકટરશ્રીએ તપાસ કરી તેમને મરણ જાહેર કરેલા ત્યારબાદ તેમનો પી એમ કરાવી તેમની અંતીમ ક્રીયા કરવા સારૂ તઓના ગામ ટુંડાવ ખાતે લાવેલા. તેઓને જાણવા મળેલ કે તે કલર કામ કરવા સારૂ તેમના મીત્રનુ બાઈક લઈને જતા હતા ત્યારે ટર્બો ગાડી ના ચાલકે તેમને એકસીડન્ટ કરતા તે મરણ પામેલા અને આ ટર્બો ગાડીમા રોડ બનાવવાનો માલસામાન ભરેલો હતો. તેઓએ આ ગાડીનો નંબર જોયેલો નથી તેમજ તેના ચાલકને પણ તેઓએ જોયેલો નહી. બનાવ સંદર્ભે પોલીસ તેઓની પુછપરછ કરેલી નહી કે તેઓએ જવાબ લીધેલો નહી.

ત્યારબાદ સાહેદ ફરિયાદની હકીકતને લેશમાત્ર સમર્થન આપેલ ના હોય વિ. એ.પી.પી. શ્રીની મૌખિક વિનંતી થી સદર સાહેદને ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૫૪ મુજબ ફરી ગયેલા જાહેર કરી ફરિયાદ પક્ષે વિ.એ.પી.પી. શ્રી એ સદર સાહેદની ઉલટતપાસ કરવા છતાં કોઇ મહત્વની ફળદાયી હકીકત નીકળી આવેલ નથી.

બચાવપક્ષ તરફે સદર સાહેદની ઉલટતપાસ કરવામાં આવેલ છે જેમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવ તેઓએ નજરે જોયેલ નથી. બનાવ અંગેની જાણ તઓન સ્થળ ઉપર જતા થયેલી.

(૧૯) ફરીયાદપક્ષ તરફે ફરિયાદી હસમુખભાઇ જેસંગભાઇ રોહીતનાઓને આંક-૪૭ થી તપાસેલા છે. જેમાં તેઓ તેઓની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ સને ૨૦૧૮ મા બનેલો. તેઓના ભાઈ પોતાની મોટરસાયકલ રીપેર કરાવવા માટે જતા હતા ત્યારે બપોરના સમયે લામડાપુરા ચોકડી પાસે તેનુ અકસ્માત થયેલ છે તેવુ તેઓને ફોન થી જાણવા મળતા તેઓ બનાવ સ્થળે ગયેલા. ત્યા ૧૦૮ ઉભેલી હતી અને તેઓના ભાઈ રમેશને તેમા લઈ સયાજી હોસ્પિટલ લઈ ગયેલા ત્યા એક કલાક બાદ સારવાર દરમિયાન તેઓના ભાઈ નુ અવસાન થયેલ. અકસ્માતનો બનાવ કઈ રીત બનેલ તે તેઓ જાણતા નથી. તેઓના ભાઇનો અકસ્માત એક ડમ્પર ચાલકે કરેલ તેનો નંબર તેઓને ખબર નથી કે તેના ચાલકને તેઓ ઓળખતા નથી. તેઓને તેઓના ભાઇની મોટરસાયકલનો નંબર યાદ નથી. આ બનાવ બાબતે તેઓએ પોલીસ મા ફરિયાદ આપેલ. આંક-૪૮ થી તેઓને અસલ ફરિયાદ બતાવવામા આવે છે જેમા તેઓની સહિ છે જે તેઓ ઓળખી બતાવે છે.

ત્યારબાદ સાહેદ ફરિયાદની હકીકતને લેશમાત્ર સમર્થન આપેલ ના હોય વિ. એ.પી.પી. શ્રીની મૌખિક વિનંતી થી

સદર સાહેદને ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૫૪ મુજબ ફરી ગયેલા જાહેર કરી ફરિયાદ પક્ષે વિ.એ.પી.પી. શ્રી એ સદર સાહેદની ઉલટતપાસ કરવા છતાં કોઇ મહત્વની ફળદાયી હકીકત નીકળી આવેલ નથી.

બચાવપક્ષ તરફે સદર સાહેદની ઉલટતપાસ કરવામાં આવેલ છે જેમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓને આરોપી સાથે રાજીખુશીથી કોઇ પણ જાતાન દબાણ વગર સમાધાન થઇ ગયેલ છે.

(૨૦) આ કામે ફરીયાદપક્ષનો પુરાવો જોતાં ફરીયાદીએ તેઓની જુબાનીમાં ફરીયાદની હકીકતોને સમર્થન કરેલ નથી. વધુમાં ફરીયાદીનો મૌખીક પુરાવો વંચાણે લેતા, અકસ્માતના બનાવમાં તેઓના ભાઇ મરણ પામેલ છે તથા ફરીયાદીને અકસ્માતના બનાવની જાણ ફોન ધ્વારા થયેલી અને ફરીયાદીને અકસ્માત કરનાર વાહનના નંબરની ખબર નથી અને અકસ્માત કરનાર ચાલકને તેઓ ઓળખતા નથી. વધુમાં ફરીયાદીએ તેઓની ઉલટતપાસમાં આરોપી સાથે રાજીખુશીથી સમાધાન થઇ ગયેલ હોવાની હકીકતનો પણ સ્વીકાર કરેલ છે. વધુમાં આ કામે તપાસવામાં આવેલા અન્ય સાહેદોને પણ અકસ્માત કરનાર વાહનના નંબરની અને અકસ્માત કરનાર વાહન કોણ ચલાવતું હતું તેની ખબર નથી. વધુમાં આ કામે પંચનામાના પંચસાહેદો તેઓની જુબાનીમાં પંચનામામાં પંચસાહેદ તરીકે સહી સિવાય પંચનામાની અન્ય કોઇ હકીકતોને સમર્થન કરેલ નથી. આથી, ફરીયાદપક્ષ આ

કામે કરવામાં આવેલ પંચનામાની હકીકતો પુરવાર કરવામાં નિષ્ફળ નીવડેલ છે. વધુમાં મોટર એકસીડન્ટના કેસમાં ગફલતભર્યુ અને બેદરકારીભર્યુ ડ્રાઈવીંગ કરવા બદલ દોષિત ઠરાવવા માટે જે ધોરણો છે તેમાં સૌપ્રથમ ફરીયાદ પક્ષે એમ પુરવાર કરવું જોઈએ કે, આરોપી બનાવ સમયે અકસ્માત કરનાર વાહનનું ડ્રાઈવીંગ કરતો હતો અને સદર ડ્રાઈવીંગ બેદરકારીભર્યુ કે ગફલતભર્યુ કરતો હતો. આમ, આ કામે તપાસવામાં આવેલ ફરીયાદી તથા સાહેદોના મૌખીક પુરાવા ઉપરથી અકસ્માતનો બનાવ બનેલ હોવાની અને અકસ્માતમાં સાહેદ મરણ ગયેલ હોવાની હકીકત જણાઈ આવે છે, પરંતુ ફરીયાદી તથા સાહેદોના અકસ્માત કરનાર વાહન ચાલક અને અકસ્માત કરનાર વાહનના નંબરની ખબર ન હોવાની હકીકત જણાઈ આવે છે. આથી, ફરીયાદપક્ષ આરોપી દ્વારા કહેવાતો ગુનો કરવામાં આવેલ હોય તે હકીકત પુરવાર કરવામાં નિષ્ફળ નીવડેલ છે. વધુમાં નામદાર ઓરીસ્સા રાજયની વડી અદાલતે '' બદ્રીપ્રસાદ તિવતારી વિ. સ્ટેટ ૧૯૯૪ ક્રિમીનલ લો જર્નલ પેજ નં.૩૮૯ માં એમ ઠરાવેલ છે કે, "(A) Penal Code (45 of 1860), S.279 - NEGLIGENCE - Rash and negligent driving- Offence under - Ingredients of rash and negligent driving on public road endangering human life or likely to cause injury, must be established – Mere carelessness or error of judgment, not sufficient - Accident resulting in death, failure of prosecution to prove rash and negligent driving of accused – Bare statement that ehicle was being driven in high speed, not sufficient – Accused entitled for acquittal.

**(૨૧)** નામદાર સર્વોચ્ચ અદાલતની ફુલ બેંચ ધ્વારા સ્ટેટ ઓફ હરિયાણા વિ.શેરસીંગ ૨૦૦૯ (૧) ક્રાઇમ્સ પાના નં.પ માં એમ ઠરાવેલ છે કે, "When there was no specific material to show that respondent was driving the vehicle at the time the accident took place and the evidence adduced to link the accused to the alleged crime was scanty, conviction of respondent for causing death of deceased due to rash and negligent driving could no be sustained."

**(૨૨)** આમ, ઉપરોકત ચર્ચા તથા કાયદાની પરિસ્થિતિ તથા ફરીયાપક્ષનો સમગ્ર પુરાવો ધ્યાને લેતા, આ કામના આરોપીએ તા.૦૫/૦૧/૨૦૧૯ ના કલાક ૧૪-૩૦ વાગ્યે મોજે સાવલી-વડોદરા રોડ ઉપર લામડાપુરા ચોકડી પાસે પોતાના કબજાનું ડમ્ફર નં.જીજે.૦૬.એકસ.એકસ. ૯૪૯૬ નુ પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી ફરીયાદીના ભાઈ રમેશભાઈ જેસંગભાઈ રોહીતની ડીસ્કવર મો.સાં. નં.જીજે.૦૬.ઇએમ. ૫૮૯૨ ની દોરીને જતો હતો તે વખતે પાછળથી એકસીડન્ટ કરી રમેશભાઈના ડાબા પગે તથા માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચાડી સારવાર દરમ્યાન મોત નિપજાવી સ્થળ પરથી નાસી જઇ ભારતીય દંડ સંહિતાની કલમ- **૨૭૯,૩૦૪(એ),૩૩૭,૩૩૮ તથા એમ.વી.એકટની કલમ- ૧૭૭,૧૮૪,૧૩૪** મુજબનો ગુન્હો કરવામાં આવેલ હોય તેવી કોઈ હકીકત સાબીત થતી નથી. આમ, ફરીયાદપક્ષ આરોપી સામે આક્ષેપાવામાં આવેલ તહોમત પુરવાર કરવામાં સદંતર નિષ્ફળ

નીવડેલ હોય, મુદ્દા નં.૧ નકારમાં નિર્ણિત કરી, ન્યાયના હિતમાં મુદ્દા નં.૨ માટે નીચે મુજબનો હુકમ ફરમાવવામાં આવે છે.

**: – હુ ક મ – :**

– ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ ૨૫૫ (૧) અન્વયે આરોપી ભુરસીંગ પ્રતાપભાઈ મુનીયાનાઓને ભારતીય દંડ સંહિતાની કલમ– **૨૭૯,૩૦૪(એ),૩૩૭,૩૩૮ તથા એમ.વી.એકટની કલમ– ૧૭૭,૧૮૪,૧૩૪** મુજબના શીક્ષાને પાત્ર ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

– આરોપીએ ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ ૪૩૭ (ક) અન્વયે અપીલ સમય સુધીના રૂા.૫,૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર) પુરાના જામીન તથા જાત મુચરકો આપવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તા.૧૭ ના રોજ, માહે– જુન, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

સ્થળ : સાવલી
તારીખ : ૧૭/૦૬/૨૦૨૬

**(અભિજીત કે. માવળંકર)**
એડી. ચીફ જયુ.મેજી.
સાવલી
**કોડ નં.** GJ00677

ડી.એ. જાની ગુજ.સ્ટેનો.